---

**ફોજદારી પરચુ. અરજી.નં. ૩૩/૨૦૨૬**

**-:: મુદ્દામાલ અરજી લગત હુકમ ::-**

(૧) બાકોર પો.સ્ટે. પ્રોહી ગુ.રજી. નં. ૧૧૮૭૦૦૧૨૫૦૪૦૮/૨૦૨૫ થી આરોપી ચેનારામ દલારામ ચૌધરી વિ. નાઓ સામે પ્રોહી એકટ ની કલમ ૬૫ (એ)(ઈ), ૯૮(૨), ૮૧,૧૧૬(બી) તથા બી.એન.એસ. કલમ- ૩૩૬(૨),૩૩૬(૩),૩૪૦(૨) મુજબનો ગુનો નોંધાયેલ છે તે ગુનાના કામે અરજદાર/ આરોપી ગોપાલ પુરીલાલ ડાંગી નાઓએ તેઓની મારૂતી સુઝુકી કંપનીની સ્વીફટ એલએકસઆઈ ગાડી જેનો રજી. નં. આર.જે. ૨૭. સીપી.- ૬૪૭૭ જેનો ચેસીસ. MBHZCDESKSF363301 તથા એન્જીન નંબર. Z12EP1259430 ની પોલીસે કબજે લીધેલ. જે ગાડીની વચગાળાની કસ્ટડી મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલી છે.

(૨) અરજદાર નાઓએ અરજીમાં રજૂઆત કરેલી છે કે, મારૂતી સુઝુકી કંપનીની સ્વીફટ એલડએકસઆઈ ગાડી જેનો રજી. નં. આર.જે. ૨૭. સીપી.- ૬૪૭૭ તેમના નામે રજીસ્ટર થએલ છે અને તેઓ તેના માલિક છે અને તેઓએ તેની આર.સી.બુકની નકલ રજુ કરેલ છે આ વાહન તેઓ પોતાના રોજબરોજના કામમાં ઉપયોગમાં લે છે. લાંબો સમય ખુલ્લામાં બંધ હાલતમાં પડી રહેવાથી તેમા મીકેનીકલ ખામી સર્જાય તેમ છે. અરજદારનુ વાહન કેસની ઈન્સાફી કાર્યવાહી પૂર્ણ થાય નહી ત્યાં સુધી કોઈને તબદલી, ટ્રાન્સફર કરશે નહી તેમજ ભવિષ્યમાં કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં ઉપયોગમાં સંડોવાશે નહી તેવું જણાવેલ છે.

---

(૩) સદર અરજી રજૂ થતાં એ.પી.પી.શ્રી. એ સદર અરજી નીચે વાહન ગંભીર ગુનામાં સંડોવાયેલ છે અરજી મંજુર કરવા સામે વાંધો છે '' તેવો શેરો કરેલો છે. તેમજ આ ગુનાની ત.ક.અ. શ્રી. કે.સી.સીસોદીયા નાઓ દવારા એલ.સી.બી. મહીસાગર પો.સ્ટે.ના જાવક નંબર– ૪૧૨/૨૬ થી લેખીત અભિપ્રાય આપી જણાવેલ છે કે, આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ વાહન અરજદાર/ આરોપી ને પરત સોપંવામાં આવશે તો આરોપી આ પ્રકારના ગુનામાં ફરી ઉપયોગ કરશે તેમ ભય વ્યકત કરી મુદામાલ પરત ન સોંપવા અભિપ્રાય આપેલ છે.

(૪) આ કામના અરજદારે મારૂતી સુઝુકી કંપનીની સ્વીફટ એલડએકસઆઈ ગાડી જેનો રજી. નં. આર.જે. ૨૭. સીપી.– ૬૪૭૭ ની આર.સી.બુકની ઝેરોક્ષ નકલ અરજદાર એ રજૂ કરતાં તેમાં માલિક તરીકે હાલના અરજદાર હોવાનુ જણાય છે. આમ હાલના અરજદાર વાહનના કાયદેસરના માલિક હોવાનુ જણાય છે. પરંતુ હાલના કામે આક્ષેપ યાને લેતા ૬૫ (એ)(ઈ), ૯૮(૨),૮૧,૧૧૬ (બી) નો આક્ષેપ છે અને હાલના કામે આક્ષેપ ધ્યાને લેતા હાલની સ્વીફટ ગાડીમાં ખોટી નંબર પ્લેટ નં. આર.જે. ૨૭. ઈએફ.– ૦૫૦૨ ની લગાવી તેમાંથી ભારતીય બનાવટનો વીદેશી દારૂના બીયર ટીન મળી કુલ નંગ– ૧૩૯૫ કી.રૂ. ૪,૦૬,૪૪૫/– નો મુદામાલ મળી આવેલ છે. પંરતુ હાલના કામની સ્વીફટ ગાડીમાં ખોટી નંબર પ્લેટ નં. આર.જે. ૨૭. ઈએફ.– ૦૫૦૨ ની લગાવી ખરા તરીકે ઉપયોગ કરી તેમાંથી ભારતીય બનાવટનો વીદેશી દારૂના બીયર ટીન મળી કુલ નંગ– ૧૩૯૫ કી.રૂ. ૪,૦૬,૪૪૫/– નો મુદામાલ મળી આવેલ છે. જેનો સાચો નંબર આર.જે. ૨૭. સીપી.– ૬૪૭૭ નો છે જે હાલના

કામે અરજદારે પરત માંગેલ છે. જેથી આ તબક્કે કાનુની જોગવાઈ ધ્યાને લેતા ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ ૯૮(૨) તથા ગુજરાત પ્રોહીબીશન (લીકર સેમ્પલ એન્ડ ડીટરમીનેશન ઓફ કોનીટીટી સીઝડ લીકર) રૂલ્સ ૨૦૧૨ ના રૂલ –૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો,

<u>ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ કલમ ૯૮</u>

***98(1) XXX***

***(2) Any receptacle, package or covering in which any of the articles liable to confiscation under sub-section (1) is found and the other contents of such receptacle, package or covering and the animals, carts, vessels or other conveyances used in carrying any such article shall like-wise be liable to confiscation by the order of the Court but it shall not be released on bond or suriety till the final judgment of the court where the quantity of the seized liquor is exceeding the quatity as may be prescribed by the rules.***

ગુજરાત પ્રોહીબીશન (લીકર સેમ્પલ એન્ડ ડીટરમીનેશન ઓફ કોનીટીટી સીઝડ લીકર) રૂલ્સ ૨૦૧૨ ના રૂલ –૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો,

***Rule- 9 Seizure of vehicle when quantity more than 10 liters :- Where the quantity of liquor seized is more than 10 litre in respect of any offence punishable under the act the vehicle or conveyance carrying such liquor shall be liable to confiscated***

***in accordance with the provision of sub section (2) of section 98 of the act.***

હાલના કેસમાં પોલીસે અભિપ્રાય સાથે રીકવરી પંચનામુ રજુ કરેલ છે અને રીકવરી પંચનામાં મારૂતી સુઝુકી કંપનીની સ્વીફટ ગાડી જેનો રજી. નં. આર.જે. ૨૭. ઈએફ.– ૦૫૦૨ જે ખોટો નંબર પ્લેટ લગાડી ખરા તરીકે ઉપયોગ કરી સદર ગાડીમાંથી ભારતીય બનાવટનો વીદેશી દારૂના બીયર ટીન મળી કુલ નંગ– ૧૩૯૫ કી.રૂ. ૪,૦૬,૪૪૫/– નો મુદામાલ કબજે કરેલ છે આમ, રૂલ –૯ માં નિયત કરેલ કોન્ટીટી કરતા વધુ પ્રમાણમાં જથ્થો હોવાનું ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હોઈકોર્ટે પરેશકુમાર જયકારભાઈ બ્રહમભટટ વિ. સ્ટેટ ઓફ ગુજરાત જી.એલ.એચ. ૨૦૧૮ (૧) પેજ નં. ૬૩૬ ઉપર પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો તેમાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે ૧૯૪૯ ના અધિનિયમની કલમ ૯૮(૨) ગુનાના કામે કબજે લીધેલ વાહનની વચગાળાની કસ્ટડી અંગેનો ફોજદારી કાર્યસંહિતાની કલમ કલમ : ૪૫૧ હેઠળ મેજીસ્ટ્રેટને હુકમ કરવાની સત્તા ઉપર કાપ મુકે છે. અને તેથી નામ. સુપ્રીમ કોર્ટ એ ફરમાવેલ સુંદર અંબાલાલ વિ. ગુજરાત રાજય ના કેસમાં મુદામાલ પરત સોપવા સંબધીત પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતો મુજબ હાલના કામે મુદામાલ પરત કરવો ઉચીત જણાતો નથી.

હાલના કેસમાં ઉપર જણાવ્યુ તેમ વિદેશી દારૂ/ બીયરનો જથ્થો ધ્યાને લેતા તેમજ કાયદામાં કરેલ સુધારો તથા નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

---

**–:: હુકમ ::–**

- આ કામના અરજદાર / આરોપી ચેનારામ દલારામ ચૌધરી વિ. નાઓ સામે પ્રોહી એક્ટ ની કલમ ૬૫ (એ)(ઈ),૯૮(૨),૮૧,૧૧૬ (બી) મુજબનો ગુનો નોંધાયેલ છે તે ગુનાના કામે અરજદાર/ આરોપી ગોપાલ પુરીલાલ ડાંગી , રહે. તેહસીલ કે પાસ, વલ્લભનગર,તા. જી. ઉદેપુર ( રાજસ્થાન) નાઓએ તેઓની મારૂતી સુઝુકી કંપનીની સ્વીફ્ટ એલએકસઆઈ ગાડી જેનો રજી. નં. આર.જે. ૨૭. સીપી.– ૬૪૭૭ જેનો ચેસીસ. MBHZCDESKSF363301 તથા એન્જીન નંબર. Z12EP1259430 વચગાળાના હુકમ થી પરત મેળવવાની અરજી **ના– મંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૨૫ મી માહે માર્ચ સને–૨૦૨૬ ના રોજ સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : મુ. બાકોર
તારીખ : ૨૫/૦૩/૨૦૨૬

**(અજીતકુમાર દેવાભાઈ પરમાર )**
પ્રિન્સીપાલ જ્યુડી.મેજી.ફ.ક.
મુ. બાકોર, તા. ખાનપુર, જી. મહીસાગર
(કોડ નં. જી.જે. ૦૧૩૫૯)